

**<u>પ્રેસ-નોટ</u>** **<u>તા.૦૯/૧૨/૨૦૨૩</u>**

**<u>ખાંભા પોલીસ સ્ટેશનનાં પ્રોહીબશનના ગુનાના કામે નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

**શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર**નાંઓ દ્વારા તથા **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુન્હાનાં કામે નાસતા-ફરતા તેમજ જિલ્લા જેલમાંથી પે-રોલ/ફર્લો અને વચગાળાનાં જામીન ઉપથી છુટી ફરાર આરોપીઓ અંગે માહિતી મેળવી તેમને પકડી પાડી જેલ હવાલે કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી **એસ.ઓ.જી .પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી.ટીમ** ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ખાંભા પોલીસ સ્ટેશન સી-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૩૦૨૮૩/૨૦૨૩ પ્રોહી.કલમ-૬૫ ઈ, ૮૧, ૯૮(૨) મુજબનાં ગુનાના કામે નાસતો-ફરતો પકડવાનો બાકી રહેલ આરોપી ભાભલુભાઈ ભીખાભાઈ મકવાણા રહે.ડેડાણ તા.ખાંભા જિ.અમરેલી વાળો કાતરપરા બસ સ્ટેશન પાસે ઉભેલ હોય તેવી હકિકત મળતા મજકુર ઈમને પકડી પાડી વધુ તપાસ અર્થે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

⇨ **<u>પકડાયેલ આરોપી:-</u>**

**ભાભલુભાઈ ભીખાભાઈ મકવાણા ઉવ.૩૫ ધંધો-મજુરી રહે.ડેડાણ પટેલપરા વિસ્તાર તા.ખાંભા જિ.અમરેલી.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **એસ.ઓ.જી.ટીમના હેડ કોન્સ. સુરેશભાઈ મેર** તથા **પો.કોન્સ. મહેશભાઈ રાઠોડ** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ** **<u>તા.૦૪/૧૨/૨૦૨૩</u>**

**<u>અમરેલી, લાઠી રોડ ઉપરથી પશુઓની ગેરકાયદેસર હેરફેર કરતા ત્રણ ઈસમોને કુલ કિં.રૂ.૬,૮૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં પશુઓની ગેરકાયદેસર હેરફેર કરતા, પશુઓ ઉપર ક્રુરતા આચરતા ઈસમોને પાડી, તેમના ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં પશુઓ ઉપર ક્રુરતા આચરી, આવા પશુઓની ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદે હેરફેર કરતા ઈસમોને પકડી પાડવા અને તેમના ઉપર પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે, અમરેલી, સાવરકુંડલા બાયપાસ રોડ, લીલાનગર, પાણીના ટાંકા પાસેથી કતલ કરવાના ઈરાદે પશુઓ એક ટ્રકમાં ભરી, ભરૂચ તરફ જવા નિકળેલ છે અને લાઠી તરફ જાય

છે જે બાતમી હકિકત આધારે લાઠી રોડ ઉપર વોચમાં રહી, ટ્રકમાં ત્રણ ઇસમોને ભેંસ જીવ – ૯ ને ક્રુરતા પુર્વક ભરી, કોઇ પણ આધાર પુરાવા વગર કતલ કરવાના ઇરાદે હેરફેર કરતા પકડી પાડી, પકડાયેલ ઇસમો વિરૂધ્ધ પશુ સંરક્ષણ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરી, અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીઓની વિગતઃ-**

(૧) ઇરફાન ઇકબાલભાઇ કુરેશી, ઉ.વ.૨૫, રહે.અમરેલી, કાજીવાડ, તા.જિ.અમરેલી.
(૨) અબ્દુલ નુરમહંમદભાઇ તરકવાડીયા, ઉ.વ.૩૦, રહે.અમરેલી, ડુબાણીયા પરા, તા.જિ.અમરેલી.
(૩) પ્રકાશ કિશોરભાઇ ઝાપડીયા, ઉ.વ.૨૦, રહે.અમરેલી, બહારપરા, તા.જિ.અમરેલી.

➡ **આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-**

ભેંસ જીવ નંગ – ૯ કિં.રૂ.૧,૮૦,૦૦૦/- તથા ટ્રક રજી.નં.જી.જે.૦૧.ઇ.ટી.૬૧૨૨ કિં.રૂ.૫,૦૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૬,૮૦,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. ભગવાનભાઇ ભીલ, મહેશભાઇ સરવૈયા** તથા **પો.હેડ કોન્સ. કિશનભાઇ આસોદરીયા** તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા** દ્વારા કરવામાં આવેલ છે.

**ૐ પ્રેસ નોટ ૐ          તા.૦૪/૧૨/૨૦૨૩**

## અમરેલી જિલ્લાના ધારી પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ધારી પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૮૨૩૦૫૦૪/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧** મુજબના ગુનાનો સહ આરોપી છેલ્લા **૨** માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ગઇ કાલ તા.૦૩/૧૨/૨૦૨૩ નાં રોજ ખાંભા ગામેથી મજકુર આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**રાજુ ધીરૂભાઇ કરપડા, ઉ.વ.૨૨, રહે.રામપરડા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા હેડ **કોન્સ. લીલેશભાઇ બાબરીયા** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.

**ॐ પ્રેસ નોટ ॐ** **<u>તા.૦૪/૧૨/૨૦૨૩</u>**

**<u>અમરેલી જિલ્લાના ખાંભા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ખાંભા પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૭૨૩૦૨૮૩/૨૦૨૩, પ્રોહી. કલમ ૬૫ઈ, ૯૮(૨), ૮૧** મુજબના ગુનાનો આરોપી છેલ્લા ૪ માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ગઇ કાલ તા.૦૩/૧૨/૨૦૨૩ નાં રોજ રાજુલાથી મજકુર આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ખાંભા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

**શિવરાજ વિરૂભાઇ વહરા, ઉ.વ.૨૪, રહે.કાતરપરા, તા.ખાંભા, જિ.અમરેલી.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા **હેડ કોન્સ. લીલેશભાઇ બાબરીયા** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.